ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮ ૧૩૬૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## હેત ફાઉન્ડેશન દ્વારા વર્લ્ડ રૅકર્ડમાં જોડાવા ગાયકોને ઈજન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના વર્લ્ડ રેકર્ડ વિજેતા હેત ફાઉન્ડેશન દ્વારા પુનઃ ગાંધીનગર અને ગાંધીનગરના સંગીતરસિકો માટે બીજા વર્લ્ડ રેકર્ડનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ત્રણ ગાયકોનાં ગીતો ઉપર પરફોર્મન્સનું આ ઉપક્રમ હેઠળ આયોજન છે. આ કાર્યક્રમમાં નવા ગાયકોને પણ તક આપવામાં આવશે. ગાયનનો શોખ ધરાવતા ગાંધીનગરના ગાયકોને આ વર્લ્ડ રેકર્ડમાં પોતાનું નામ નોંધાવવાની તક હેત ફાઉન્ડેશન આપી રહ્યું છે.

આ માટે હેત ફાઉન્ડેશનના પ્રમુખ સંજય તન્ના (પ્લોટ નં. ૫૮૫/૨, સેક્ટર-૭ બી, ગાંધીનગર, મો. ૯૮૭૯૫ ૫૨૦૯૫)નો સંપર્ક કરવા સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## યુથ હૉસ્ટેલ ઍસો. દ્વારા મરિન કૅમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

યુથ હૉસ્ટેલ્સ ઍસોસિએશન ઑફ ઈન્ડિયાના ગાંધીનગર યુનિટ દ્વારા કુદરતપ્રેમી અને સાહસિક લોકો માટે એક રોમાંચ સાથે સમુદ્રની જીવસૃષ્ટિ વિશે જાણકારી મળે તેવા એક મરિન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન બેટ દ્વારકા ખાતે યોજાઈ રહેલા આ કૅમ્પમાં સેઈલિંગ, સીબાથ, બર્ડ વોચિંગ, ટ્રેકિંગ, કેસલીંગ, બીચ કોમ્બિંગ નાઈટ, ટ્રેક, કૅમ્પ ફાયર જેવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આ કૅમ્પમાં જોડાવા માટે સંસ્થા હોદેદાર જે બી સાધ (૯૮૯૮૫ ૯૦૯૭૫), ચૈતન્ય નિમાવત (૯૪૨૬૪ ૦૧૭૦૧) અથવા પ્રિયંક પરમાર (૯૯૦૯૯ ૬૫૯૦૦)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રજિસ્ટ્રેશન માટે અંતિમ તારીખ પહેલી ફેબ્રુઆરી નિયત કરવામાં આવી છે.

# સહજાનંદ સ્કૂલ ઑફ એચિવરમાં મૂનલાઈટ મસ્તી






ગાંધીનગર, તા. ૨૪

તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા ખાતે ચંદ્રમાના આછા 'મુન લાઈટ મસ્તી મેલા' કાર્યક્રમનું આયોજન થયું હતું.

સાંજે ૪ થી સાડા ૬ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ પોતાના વાલી સાથે ફનફેરનો આનંદ માણ્યો હતો, જેમાં વિવિધ ખાણીપીણીના સ્ટોલ, ગેમ સ્ટોલ તથા ફોટો સ્ટુડિયો સાથે મેલા મસ્તી માણી.

ઢળતી સાંજે ડી જે ના તાલે વિદ્યાર્થીઓ મનમૂકીને ઝૂમ્યા રાત્રે ૮ થી ૯.૩૦ દરમિયાન સ્વાદિષ્ટ ડિનરનો આસ્વાદ માણ્યા બાદ રંગારંગ કાર્યક્રમ શરૂ થયો હતો.

જંગલ થીમ પર આધારિત કાર્યક્રમમાં કાર્નિવલ કેટવોક, બાળ મસ્તી, એકપાત્રિય અભિનય, માઈમ , ડ્રામા ની સાથે શાળા ના વિવિધ હાઉસ માં વહેચાયેલા વિદ્યાર્થીઓ એ પોતાના બેસ્ટ પરફોર્મન્સ આપ્યા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલા વિવિધ ગીતોએ તો જાણે એક અલૌકિક અનુભૂતિ કરાવી હતી.

આશરે કુલ ૧૨૦૦ વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીથી શાળા કેમ્પસ રાત્રે જીવંત અને અવિસ્મરણીય બની ગયું અને વાતાવરણ બની ગયું. બોનફાયર દ્વારા કડકડતી ઢંડી જાણે ગાયબ થઈ ગઈ અને વાતાવરણ ઉષ્માભર્યું બન્યું. રાત્રી દરમિયાન પ્રિન્સિપાલ શ્રી અને શિક્ષકો દ્વારા લેવાયેલી કાળજી, પ્રેમ અને હુંફથી બાળકો મીઠી નીંદમાં સરી ગયા હતા. આ રીતે બાળકો માટે માતા-પિતા અને ઘરની ભૂમિકા ભજવતી સ્કૂલે વિદ્યાર્થીઓનાં જીવનમાં એક મીઠી યાદ મૂકી દીધી હતી. અંતમાં સંસ્થાના ટ્રસ્ટી ગણે એ સમગ્ર કાર્યક્રમની સફળતા બદલ સ્ટાફ મિત્રોને અભિનંદન આપ્યા હતા.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી પી કે ચૌધરી મહિલા કૉલેજનો ઍનઍસઍસ શિબિર સંપન્ન




ગાંધીનગર, તા. ૨૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટનો સાત દિવસીય ગ્રામોત્થાન શિબિર માણસા તાલુકાના બાપુપુરા ગામે યોજવામાં આવ્યો હતો.

આ શિબિરના ઉદ્‌ઘાટન સમારંભમાં અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખ હરિભાઈ વી ચૌધરી, ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત રાજ્ય સ્કાઉટ એન્ડ ગાઈડના ચેરમેન દિનેશભાઈ વ્યાસ, ગ્રામ પંચાયતના સરપંચ એમ પી ચૌધરી, કૉલેજના આચાર્ય ડૉ. માનસિંગભાઈ ચૌધરી, સ્ટાફ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિર દરમિયાન દેશી ગાય અને આપણું સ્વાસ્થ્ય, સજીવ ખેતી, કેન્સર જાગૃતિ અંગે જાગૃતિ અર્થે વ્યાખ્યાન અને ફિલ્મ નિદર્શન યોજવામાં આવ્યું હતું. ઉપરાંત સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ કાર્યક્રમ, પર્યાવરણ અને પાણીની જાણવણી અંગેના કાર્યક્રમો તથા રેડ ક્રોસ, ગાંધીનગર દ્વારા સર્વરોગ નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળાનાં બાળકો માટે ક્વિઝ તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરના છેલ્લા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ઈશ્વરભાઈ ચૌધરી દ્વારા ડાયરો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સામાજિક કાર્યકર અવનીબેન ચૌધરીએ કૅમ્પમાં વિશેષ ઉપસ્થિત રહીને વિદ્યાર્થિનીઓ સાથે મળીને ગ્રામોત્થાનના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

શિબિરના સમાપન સમારોહમાં માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરીએ હાજરી આપી હતી. સમગ્ર શિબિરનું આયોજન કૉલેજના ઍનઍસઍસ યુનિટના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નરેન્દ્ર કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શિશુવાટિકાનાં બાળકોને વાર્તાકાર દ્વારા નિદર્શન



શ્રી સરસ્વતી શિશુવાટિકાના શિશુગણને જોડકણાં, બાળગીતો, અભિનય, વર્ણમાલા વાચન અને નાટ્યકરણ દ્વારા ઍવોર્ડી શિક્ષક રોહિત બી જોશી દ્વારા બાળગ્રાહ્ય ભાષામાં સફળ વાર્તાકારરૂપે નિદર્શન આપવામાં આવ્યું હતું. લાડુ, સૂરજ, ચંદ્ર, માતાપિતા, સરસ્વતીદેવી, વતન, તહેવારો વિશે તથા ભાષા અને કથન વિશે માહિતી આપવામાં આવી હતી. પ્રધાનાચાર્ય ઉષાબેન, શિક્ષકો, ટ્રસ્ટીએ ઉપસ્થિત રહી આયોજનને બિરદાવ્યું હતું.

### શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા

# સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૪

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે જેમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સુત્ર લેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને પતંગ સ્પર્ધાનું આયોજન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

સપ્તાહ ઉજવણીની શરૂવાત રજનીભાઈ ભટ્ટના વ્યાખ્યાનથી કરવામાં આવી હતી વિવિધ સ્પર્ધાઓમાં અંદાજીત ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાં દરેક સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યો હતો. વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકોની ભૂમિકા ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડૉ. ગીતાબેન પટેલ અને ડૉ. વિજય મકવાણાએ નિભાવી હતી જયારે સમયપંચની જવાબદારી ડૉ. દલસંગભાઈ ચૌધરીએ પૂર્ણ કરી હતી. સ્પર્ધામાં વિજેતા તરીકે



અરવિંદ ખાંદેકા, કાજલ પટેલ અને નરેન્દ્ર ચાવડાની જાહેરાત કરવામાં આવી હતી. ચિત્ર લેખન સ્પર્ધામાં દિનેશ મેર, પૂજા નકુમ અને રતન ડાભી વિજેતા બન્યા હતા. ચિત્ર લેખન સ્પર્ધામાં નિર્ણાયકોની ભૂમિકા ડૉ. કનુભાઈ નાયક , ડૉ. ભાટિયા અને ડૉ. ગાયત્રીદત્ત મેહતાએ નિભાવી હતી જયારે સુત્ર લેખન સ્પર્ધામાં નિર્ણાયકની જવાબદારી ડૉ. અતુલ પરમારે પૂર્ણ કરી હતી.

આ અવસર પર ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને પણ સમ્માનિત કરવામાં આવ્યા હતા. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજન પાછળ ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને પશુપાલન વિભાગના સીનીયર પ્રાધ્યાપક શ્રી રમેશ મ. પટેલની મુખ્ય ભૂમિકા રહી છે અને આ કાર્યક્રમોના આયોજનમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધીનું પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યું હતું.

# એસ. જી. પ્રાથમિક શાળામાં ઈ-વેસ્ટ પ્રૉજેક્ટ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો




બ્રહ્માણી કૃપા હોલમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા ખાતે સમગ્ર વર્ષ દરમિયાન બાળકોએ કરેલ ઈ-વેસ્ટ પ્રોજેકટ માટે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અલગ અલગ શાળાના ૮૦ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

# શૈલેષ પંડ્યાના પુસ્તકનું અમદાવાદમાં લોકાર્પણ



ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના હોલમાં સુરસમન્વય ફાઉન્ડેશન દ્વારા પુસ્તક લોકાર્પણ, ત્રિભાષિય કવિસંમેલન અને પ્રતિષ્ઠિત ૯ કવિઓનું સન્માન ચૈતન્ય શિખર સન્માનથી કરવામાં આવ્યું હતું. આખો કાર્યક્રમ સુરસમન્વય ફાઉન્ડેશનના સંયોજક દીપ્તિ દેસાઈ અને ડો . સતીન દેસાઈ દ્વારા યોજવામાં આવ્યો હતો. લગ્નની મૌસમ અને કાર્યક્રમો છતાં હોલ આખો ભરચક ભરાઈ ગયો હતો અને કાર્યક્રમ કવિતાપ્રેમીઓએ ઊભા-ઊભા માણ્યો હતો. આ કાર્યક્રમમાં કલોલના કવિ શ્રી શૈલેષ પંડયા 'ભીનાશ'ની ગુજરાતી ગઝલોના ઉર્દુ અનુવાદના પુસ્તક 'શબનમી ગૂફ્તગૂ'નું લોકાર્પણ અમદાવાદના માજી મેયર મુકુલ શાહ અને સતીન દેસાઈ તથા અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું . સાથે અન્ય બે પુસ્તકોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ડો. સતીન દેસાઈના પુસ્તક જળકમળવત મા, અને 'મકાન પુરાણ'નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.


કાર્યક્રમમાં ગુજરાતના નવ પ્રતિષ્ઠિત કવિઓનું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં કવિ શૈલેષ પંડયા 'ભીનાશ'નું પણ ચૈતન્ય શિખર સન્માનથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુંદર કવિસંમેલન પણ નવ કવિઓ દ્વારા યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમ સુરસમન્વય ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવ્યો હતો.

# હિંદીઓની હાડમારીઓનો સ્પર્શ

ટ્રાન્સવાલ અને ઓરેન્જ ફ્રી સ્ટેટના હિંદીઓની હાલતનો પૂરો ચિતાર આપવાનું આ સ્થાન નથી. તેનો ખ્યાલ મેળવવા ઈચ્છનારે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ ' વાંચવો જોઈએ. પણ તેની રૂપરેખા આપવી આવશ્યક છે.

ઓરેન્જ ફ્રી સ્ટેટમાં તો એક કાયદો કરી સન ૧૮૮૮માં કે તે પૂર્વે હિંદીઓના બધા હક છીનવી લેવામાં આવ્યા હતા. ત્યાં માત્ર હોટેલના વેટર તરીકે કે એવી કોઈ મજૂરીમાં રહેવા જેટલી હિંદીઓને છૂટ રહી. જે હિંદી વેપારીઓ હતા તેમને નામનો અવેજ આપી કાઢી મેલ્યા. હિંદી વેપારીઓએ અરજી વગેરે તો કર્યા, પણ તેમની તૂતીનો અવાજ કોણ સાંભળે?

ટ્રાન્સવાલમાં ૧૮૮૫માં સખત કાયદો થયો. ૧૮૮૬માં કંઈક સુધારો થયો. તેને પરિણામે હિંદીમાત્ર દાખલ ફ્રિના ત્રણ પાઉંડ આપે એમ ઠર્યું. જમીનની માલિકી તેઓ માત્ર તેમને સારુ નીમેલા વાડામાં જ ધરાવી શકે. આમાંયે માલિકી તો મળી જ નહીં. એમને મતાધિકાર તો ન જ હોય. આ તો ખાસ એશિયાવાસીઓને લગતા કાયદા. વળી જે કાયદા શ્યામ વર્ણના લોકોને લાગુ પડે તે પણ એશિયાવાસીઓને લાગુ ખરા જ. તે મુજબ



હિંદીઓ પગથી ('ફૂટપાથ') ઉપર હકપૂર્વક ન ચાલી શકે, રાતના નવ વાગ્યા પછી પરવાના વિના બહાર ન નીકળી શકે. આ છેલ્લા કાનૂનનો અમલ હિંદીઓ સામે ઓછાવતા પ્રમાણમાં થતો. જેઓ આરબ તરીકે ખપતા તેઓને મહેરબાની દાખલ આમાં ન ગણવામાં આવે. એટલે આવી રાહત પોલીસની ઈચ્છા ઉપર રહે.

આ બંને નિયમોની અસર મારે પોતાને વિષે તપાસવી પડી હતી. મિ. કોટ્સની સાથે ઘણી વેળા હું રાતે ફરવા નીકળતો. ઘેર જતાં દસ પણ વાગે. એટલે મને પોલીસ પકડે તો ? આ ધાસ્તી મને હતી તેના કરતાં કોટ્સને વધારે હતી. કેમ કે પોતાના હબસીઓને તો તે જ પરવાના આપે. મને શી રીતે પરવાનો આપી શકે ? પરવાનો પોતાના નોકરને જ આપવાનો શેઠને અધિકાર હતો. હું લેવા માગું ને કોટ્સ દેવા તૈયાર થાય તોયે તે ન જ આપી શકાય, કેમ કે તે દગો ગણાય.

તેથી કોટ્સ કે પછી તેમના કોઈ મિત્ર મને ત્યાંના સરકારી વકીલ દા. ક્રાઉઝેની પાસે લઈ ગયા. અમે બંને એક જ 'ઈન'ના બારિસ્ટર નીકળ્યા. રાતે નવ વાગ્યા પછી બહાર નીકળવાને સારુ મારે પરવાનો લેવો જોઈએ એ વાત તેમને અસહ્ય લાગી. તેમણે મારા તરફ દિલસોજી બતાવી. મને પરવાનો આપવાને બદલે પોતાના તરફથી એક કાગળ આપ્યો. તેની મતલબ એ હતી કે, હું ગમે તે વખતે ગમે ત્યાં નીકળું તેમાં પોલીસે મારી વચ્ચે ન પડવું. આ કાગળિયું હંમેશ મારી સાથે રાખીને હું ફરતો. તેનો ઉપયોગ કોઈ દિવસ કરવો નહોતો પડ્યો. પણ એ કેવળ અકસ્માત જ ગણાવો જોઈએ.

દા. ક્રાઉઝેએ મને પોતાને ઘેર આવવાનું નિમંત્રણ આપ્યું. અમારી વચ્ચે મિત્રાચારી બંધાઈ એમ કહું તો ચાલે. કોઈ કોઈ વેળા તેમને ત્યાં જતો થયો. તેમની મારફતે તેમના વધારે પ્રખ્યાત ભાઈની મારે ઓળખાણ થઈ. એ જોહાનિસબર્ગમાં પબ્લિક પ્રૉસિક્યૂટર નિમાયા હતા. તેમના ઉપર બોઅર લડાઈ વખતે અંગ્રેજ અમલદારનું ખૂન કરાવવાનું કાવતરું કરવા બાબત કામ પણ ચાલ્યું હતું ને તેમને સાત વર્ષની જેલ મળી હતી. તેમની સનદ પણ બેન્ચરોએ છીનવી લીધી હતી. લડાઈ પૂરી થયા પછી આ દા. ક્રાઉઝે જેલમાંથી છૂટયા, માન સહિત ટ્રાન્સવાલની કોર્ટમાં પાછા દાખલ થયા, ને પોતાને ધંધે વળગ્યા. આ સંબંધોનો મને પાછળથી જાહેર ઉપયોગ થઈ શક્યો હતો અને મારું કેટલુંક જાહેર કામ સરળ થઈ શક્યું હતું.

150 ગાંધીયાત્રા

પગથી ઉપર ચાલવાનો પ્રશ્ન મારે સારુ જરા ગંભીર પરિણામવાળો નીવડયો. હું હમેશાં પ્રેસિડેંટ સ્ટ્રીટમાં થઈને એક ખુલ્લા મેદાનમાં ફરવા જતો. આ મહોલ્લામાં પ્રેસિડેંટ ક્રુગરનું ઘર હતું. એ ઘરને વિષે આડંબર જરાયે નહોતો. તેને ફરતું કંપાઉંડ પણ ન હતું. બીજાં પડખેનાં ઘરોમાં અને આમાં કશો તફાવત માલૂમ ન પડે. લક્ષાધિપતિઓનાં ઘણાનાં ઘર પ્રિટોરિયામાં આ ઘર કરતાં ઘણાં મોટાં, શોભીતાં ને વાડવાળાં હતાં. પ્રેસિડેંટની સાદાઈ પ્રખ્યાત હતી. આ ઘર કોઈ અમલદારનું છે એમ તેની સામે એક સિપાઈ ફરતો હોય તે ઉપરથી જ જણાય. આ સિપાઈની લગોલગ થઈને જ લગભગ હમેશાં હું જાઉં. પણ સિપાઈ મને કંઈ ન કરે. સિપાઈ વખતોવખત બદલાય. એક વેળા એક સિપાઈએ, ચેતવ્યા વિના, પગથી પરથી ઊતરી જવાનું કહ્યા વિના, મને ધક્કો માર્યો, લાત મારી, ને ઉતારી મૂકયો. હું તો વિમાસણમાં જ પડયો. લાત મારવાનું કારણ હું પૂછવા જાઉં તે પહેલાં કોટ્સ જે ઘોડેસવાર થઈ તે જ વેળા ત્યાંથી પસાર થતા હતા તેમણે મને પોકારીને કહ્યું:

'ગાંધી, મેં બધું જોયું છે. તારે કેસ કરવો હોય તો હું સાક્ષી આપીશ. મને બહુ દિલગીરી થાય છે કે તારી ઉપર આવી રીતે હુમલો થયો.'


મેં કહ્યું : 'તેમાં દિલગીરીનું કારણ નથી. સિપાઈ બિચારો શું જાણે ? તેને મન તો કાળા એટલા કાળા જ. તે હબસીઓને પગથી ઉપરથી આમ જ ઉતારતો હશે એટલે તેણે મને પણ ધક્કો માર્યો. મેં તો નિયમ જ કર્યો છે કે મારી જાત ઉપર વીતે તેને સારુ મારે અદાલતે ન જ ચડવું. એટલે મારે કેસ નથી કરવો.'

'એ તો તેં તારા સ્વભાવ પ્રમાણે જ વાત કરી, પણ તું ફરી વિચારી જોજે. આવા માણસને કંઈક પાઠ તો શીખવવો જ જોઈએ.' આટલું બોલી પેલા સિપાઈની સાથે વાત કરી તેને ઠપકો આપ્યો. હું બધી વાત તો ન સમજી શકયો. સિપાઈ ડચ હતો ને તેની સાથે વાત ડચમાં થઈ. સિપાઈએ મારી માફી માગી, હું તો માફી આપી જ ચૂકયો હતો.

પણ મેં ત્યારથી આ શેરીનો ત્યાગ કર્યો. બીજા સિપાઈઓને આ બનાવની શી ખબર હોય ? મારે હાથે કરીને ફરી લાત શા સારુ વહોરવી ? એટલે મેં ફરવા જવાને સારુ બીજી શેરી પસંદ કરી.

આ બનાવે હિંદી નિવાસીઓ પ્રત્યેની મારી લાગણી વધારે તીવ્ર કરી. આ ધારાઓ વિષે બ્રિટિશ એજંટની સાથે ચર્ચા કરીને, પ્રસંગ આવે તો તે વિષે એક 'ટેસ્ટ' (નમૂના દાખલ) કેસ કરવાની વાત હિંદીઓ જોડે ચર્ચી.

આમ મેં હિંદીઓની હાડમારીઓનો વાંચીને, સાંભળીને અને અનુભવીને અભ્યાસ કર્યો. મેં જોયું કે સ્વમાન જાળવવા ઈચ્છનાર હિંદીને સારુ દક્ષિણ આફ્રિકા યોગ્ય મુલક નથી. આ સ્થિતિ કેમ બદલી શકાય એ વિચારોમાં મારું મન વધારે ને વધારે રોકાવા લાગ્યું.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર